તા.૨૯.૧૨.૨૦૧૭ ના રોજ સંશોધન નિયામકશ્રીની અધ્યક્ષતામાં રીવોલ્વીંગ ફંડ કમિટીના સભ્યોશ્રી સાથે વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ મંજુર કરેલ કામોની કાર્યવાહી નોંધ...

તારીખ: ૨૯.૧૨.૨૦૧૭ સ્થળ: માન.કુલપતિશ્રીના કોન્સફરન્સ હોલ સમય: ૧૬.૩૦

---

યુનિવર્સિટીના વિવિધ સંશોધન કેન્દ્રો/વિભાગો ખાતે ચાલતી રીવોલ્વીંગ ફંડ યોજના હેઠળ વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ દરમ્યાન કમિટી ની મંજુરીની અપેક્ષાએ વિવિધ સાધનો ખરીદી/કામોની સૈધ્ધાંતિક મંજુરી આપવા અંગે નીચે જણાવેલ અધિકારીશ્રીઓ હાજર રહેલ હતા.

| | | |
|---|---|---|
| ૧. | ર્ડા. એસ.આર.ચૌધરી, સંશોધન નિયામકશ્રી, નકૃયુ, નવસારી | અધ્યક્ષશ્રી |
| ૨. | ર્ડા. કે.એ.પટેલ, સહ સંશોધન નિયામકશ્રી, નકૃયુ, નવસારી | સભ્યસચિવશ્રી |
| ૩. | ર્ડા. વી. એ. સોલંકી, કુલસચિવશ્રી, નકૃયુ, નવસારી | સભ્યશ્રી |
| ૪. | ર્ડા. જી.આર.પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નકૃયુ, નવસારી | સભ્યશ્રી |
| ૫. | ર્ડા. એમ.કે.એરવાડીયા, આચાર્યશ્રી, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | સભ્યશ્રી |
| ૬. | ર્ડા.બી.એન.પટેલ, ડીન અને આચાર્યશ્રી, અસ્પી કોલેજ, નકૃયુ, નવસારી | સભ્યશ્રી |
| ૭. | ર્ડા. સી.વી.સાવલીયા, નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિ, નકૃયુ, નવસારી | સભ્યશ્રી |
| ૮. | ર્ડા. એચ.આર.પંડયા, ડીનશ્રી, અસ્પી એગ્રી બીઝનેશ મેનેજમેન્ટ, નકૃયુ, નવસારી | સભ્યશ્રી |
| ૯. | ર્ડા.પી.કે.શ્રીવાસ્તવ, આચાર્યશ્રી, ફોરેસ્ટ્રી કોલેજ, નકૃયુ, નવસારી | સભ્યશ્રી |
| ૧૦. | ર્ડા. વી.એમ. ઠુમર, આયોજન અધિકારીશ્રી, નકૃયુ, નવસારી | સભ્યશ્રી |
| ૧૧. | ર્ડા. એચ.ટી. ભાલસોડ, કાર્યપાલક ઈજનેરશ્રી, નકૃયુ, નવસારી | સભ્યશ્રી |
| ૧૨. | શ્રી એ.એમ પટેલ, મદદ.પ્રાધ્યાપક, સંશોધન નિયામકશ્રીની કચેરી, નકૃયુ, નવસારી | સભ્યશ્રી |

સૌ પ્રથમ સંશોધન નિયામકશ્રીએ સર્વે અધિકારીશ્રીઓને આવકારી મીટીંગની કાર્યવાહી શરૂઆત કરતા જણાવેલ છે કે વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ દરમ્યાન કુલ-૩૩ સંશોધન કેન્દ્રો (લીસ્ટ સામેલ છે) ના ફાર્મ ડેવલપમેન્ટને લગતા સાધનો/લેબોરેટરીના સાધનો તેમજ અન્ય વસ્તુઓ ખરીદવાની દરખાસ્ત અત્રે મળેલ હતી. જે સબબ ફાર્મની અગત્યતાને ધ્યાને લઈ માન.કુલપતિશ્રી અનુમતિ મેળવી રીવોલ્વીંગ ફંડ કમિટીની મંજુરી અપેક્ષાએ મંજુરી આપવામા આવેલ હતી. જે અંગે કમિટીના સભ્યશ્રીઓ સાથે કેન્દ્ર વાઇઝ દરખાસ્તની ચર્ચા કરી સર્વોનુમતે દરેક કેન્દ્રોની દરખાસ્તને કમિટી સભ્યોશ્રી દ્વારા મંજુર કરી બહાલી આપવામા આવે છે.

( અમલ: સંશોધન કેન્દ્રો વડાઓ/વિભાગીય વડાઓશ્રી)

- સંશોધન કેન્દ્રોના વડાઓ/વિભાગીય વડાઓશ્રી તરફથી તેમના હસ્તકના રીવોલ્વીંગ ફંડ સદરે છુટક-છુટક સાધનો/ચીજવસ્તુઓ ખરીદવાની દરખાસ્ત અત્રે રજુ કરવામાં આવે છે. જે અંગે હવે પછી આગામી નવા વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન દરેક કેન્દ્રોના વડાઓશ્રી એ ખરીદી અંગે આખા વર્ષનું આયોજન કરી અત્રેની કચેરીને રજુ કરવાનું રહેશે. તેમજ વર્ષ દરમ્યાન <u>ફક્ત બે જ વાર એપ્રિલ અને સપ્ટેમ્બર માસમાં મંજુરી લેવાની રહેશે</u>. તે સિવાયના માસમાં આવેલ દરખાસ્ત ફાઈલ કરવામાં આવશે.

( અમલ: સંશોધન કેન્દ્રો વડાઓ/વિભાગીય વડાઓશ્રી)

- સંશોધન કેન્દ્રો ખાતે ચાલતી પ્લાન/નોન પ્લાન/આઈસીએઆર યોજના હેઠળ મંજુર થયેલ આઈટમો/સાધનોની રીવોલ્વીંગ ફંડ સદરે ખરીદ કરવી નહી.

( અમલ: સંશોધન કેન્દ્રો વડાઓ/વિભાગીય વડાઓશ્રી)

- સંશોધન કેન્દ્રો દ્વારા રીવોલ્વીંગ ફંડ સદરે બચત રહેલ આવક માંથી ફાર્મની દિવાલ અને રોડની કામગીરીને પ્રાથમિકતા આપી તબક્કાવાર કામગીરી કરવા દરખાસ્ત તૈયાર કરી રજુ કરવા જણાવવામાં આવે છે. જેથી આગામી મીટીંગમાં રજુ કરી શકાય.

(અમલ: સંશોધન કેન્દ્રો વડાઓ/વિભાગીય વડાઓશ્રી)

- રીવોલ્વીંગ ફંડ યોજના હેઠળ વર્ષ દરમ્યાન મળેલ વ્યાજ ની રકમ માંથી મુખ્ય કેમ્પસ ખાતે ફાર્મ દિવાલ બનાવવા તેમજ અન્ય સંશોધન કેન્દ્રોને પણ ઉપલબ્ધ વ્યાજની રકમ માંથી પ્રાયોરીટી મુજબ ફાર્મ દિવાલ/રોડ માટે ગ્રાન્ટ ફાળવણી કરવી.

(અમલ: સંશોધન કેન્દ્રો વડાઓ/વિભાગીય વડાઓશ્રી)

- દરેક કેન્દ્રો/ વિભાગીય વડાશ્રીઓ જણાવવાનું કે રીવોલ્વીંગ ફંડ સદરે જે કામો એપ્રુવ્ડ થયેલ છે તે સિવાયના નવા કામો/સાધનો અન્ય વસ્તુઓનો સમાવેશ કરવાનો હોય તો આપના સુચનો દિન-૨માં અત્રેની કચેરીને મોકલવા જણાવવામાં આવે છે.

(અમલ: સંશોધન કેન્દ્રો વડાઓ/વિભાગીય વડાઓશ્રી)

અંતમાં સહ સંશોધન નિયામકશ્રીએ સર્વેનો આભાર વ્યકત કરી મીટીંગ પૂર્ણ જાહેર કરવામાં આવી.

જા.નં.નકૃયુ/સંનિ/ટી.૨/રીવોલ્વીંગ ફંડ/ 220 - 43 /૨૦૧૭

તા.૦૪.૦૧.~~૨૦૧૭~~ ૨૦૧૮

૬

(Signature) ૫.૧.૧૮

સંશોધન નિયામક અને

અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષ